Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત ૮૯ (ચાલુ) વીર સં. ૨૫૧૦
વિક્રમ સંવત ૨૦૪૦ ચૈત્ર

પરમપૂજ્ય ન્યાયાંભોનિધિ શ્રી વિજયાનંદસૂરિજીનો

महात्मानां कीर्तनं
हि
श्रेयो निःश्रेयसास्पदम्
—મહાપુરુષોનું ગુણકીર્તન
એજ
સાચા સુખનું, કલ્યાણનું ધામ છે.

## (પૂ. આત્મારામજી મ. સા.) જન્મ જયંતિ અંક

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

પુસ્તક : ૮૧ ] એપ્રીલ : ૧૯૮૪ [ અંક : ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
| --- | --- | --- | --- |
| ૧. | શ્રી આત્મારામજીની જન્મશતાબ્દિ સમયની સ્તુતિ | લે. પ્રવર્તક શ્રી કાંતિવિજયજી | ૮૧ |
| ૨. | શ્રદ્ધાંજલી | લે. શ્રી જ્ઞાનસુન્દર | ૮૨ |
| ૩. | પૂ૦ ગુરૂદેવની જીવન ઝરમર | | ૮૪ |
| ૪. | અમેરિકામાં પ્રભાવ | | ૮૯ |
| ૫. | એક જૈન વીર સત્ય ઘટના | લે. શ્રી કૃષ્ણલાલ વર્મા | ૯૧ |
| ૬. | ઉપદેશ રત્નાકર | લે. સહસ્રાવધાની આચાર્યદેવ શ્રી સુંદરસૂરીશ્વરજી મ. સાહેબ | ૯૪ |
| ૭. | ચિતળિયો યાને ટપકાવાળો પટ્ટો | લે. સર આર્થર કોનન ડોયલ અનુવાદક : પી. આર. સલોત | ૯૬ |



## પરમ પૂજ્ય શ્રી આત્મારામજી મહારાજ સાહેબનો જન્મદિન મહોત્સવ

પરમ પૂજ્ય શ્રી આત્મારામજી (આચાર્યશ્રી વિજયાનંદ સૂરીશ્વરજી) મહારાજ સાહેબનો ૧૪૮ મો જન્મદિન આ સભા તરફથી સંવત ૨૦૪૦ના ચૈત્ર શુદ ૧ તા. ૨-૪-૧૯૮૪ને સોમવારના રોજ રાંધનપુરનિવાસી શેઠ શ્રી સકરચંદ મોતીલાલ મુળજીભાઈના સહકારથી આ સભા તરફથી ઉજવવાનો હોવાથી દર વર્ષ મુજબ શ્રી સિદ્ધાચલજી ઉપર સવારના શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં જ્યાં આત્મારામજી મહારાજી સાહેબની પ્રતિમા બિરાજમાન છે. ત્યાં નવાંણું પ્રકારની પૂજા ભણાવવામાં આવી હતી. તથા તિર્થયાત્રા કરવામાં આવી હતી. શેઠશ્રી સકરચંદ મોતીલાલ મુળજીભાઈ અને શેઠશ્રી કપુરચંદ હરીચંદ માચીસવાળા તથા તેમના ધર્મપત્ની અ. સ. અનોપબેન અને શેઠશ્રી વૃજલાલ ભીખાભાઈ તથા શેઠશ્રી નાનચંદ તારાચંદ તરફથી ગુરુભક્તિ તેમજ સ્વામિભક્તિ કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાવનગરથી સારી સંખ્યામાં સભાસદોએ પધારી આનંદપૂર્વક ભાગ લીધો હતો અને પૂ૦ સાધુ સાધ્વીજી મહારાજ સાહેબની ભક્તિનો પણ સારો લાભ લીધો હતો.

હે પુણ્યાત્મન્ ! અનાદિ કાળથી કર્માનુસાર આ સંસારમાં વિચરતાં તેં કર્મોદયે દિવ્ય અને માનુષી બધી જ ઋદ્ધિ સમૃદ્ધિઓ મેળવી છે, તેમજ ભોગવી પણ છે. તો પણ તું તૃપ્ત તો ન જ થયો, સાચું સુખ તો ન જ મળ્યું ! પણ જો હવે તને આત્મિક અવિચલ સમૃદ્ધિ મેળવવાની કામના થઇ હોય તો શ્રી જીનેશ્વર પરમાત્માની સમ્યગ્ ઉપાસના કર !!!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૧ ] વિ. સં. ૨૦૪૦ ચૈત્ર : એપ્રિલ-૧૯૮૪ [ અંક : ૬


શ્રી વિજયાનંદ સૂરીશ્વરજી—

## શ્રી આત્મારામજીની જન્મશતાબ્દિ સમયની સ્તુતિ

લે. પ્રવર્તક શ્રી કાંતિવિજયજી

( રાગ—આશાવરી તાલ-ત્રિતાલ )

આજ આનંદ મોરે આંગણમેં, શ્રી વીર જિનેશ્વર સંઘનમેં ।
આતમરામ આનંદ સુખધામા, દાસ ગણેશ કુલ મંડનમેં ॥ (૧)
રૂપાદે માતા સુખશાતા, પુત્ર દીયો જન રંજનમેં ।
પુત્ર પઢાવ્યો સુગુણ બનાવ્યો, જેસે સુગંધી ચંદનમેં ॥ (૨)
રૂપ મનોહર સુરવર જાયો, કલાકલા નિધિ રંજનમેં ।
વીર જિનંદ કી વાણી સાની, ગુરુગમ અખીયાં અંજનમેં ॥ (૩)
સંજમરાજ કીયો શિર ભૂષણ, મોહરાજ દલ ખંડનમેં ।
કૃપા ભઇ સબ સદ્ ગુરુજનકી, ધર્મ ઉપદેશ હૈ છંદનમેં ॥ (૪)
સુમતિસતી નિશદિન રહે મનમેં, ન રહે કુમત કૃત બંધનમેં ।
વચનામૃત વરસે જલધારા, શાસન સુરતરૂ સિંચનમેં ॥ (૫)
વિષય વિરાગી પરિગ્રહ ત્યાગી, ધુલ પડી કહે કંચનમેં ।
નમન કરત હૈ નરપતિ યતિપતિ, જનમ સફલ લહે વંદનમેં ॥ (૬)
વિજયાનંદ સૂરિ મહારાજા, જય જય રહો સદા નંદનમેં ।
કાંતિવિજય ગુરુ ચરણ કમળમેં, વંદન હોવે તનમેં ॥ (૭)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રદ્ધાંજલિ

લે. મુનિ શ્રી જ્ઞાનસુન્દર



સ્વર્ગસ્થ પૂજ્યાચાર્ય શ્રી આત્માનંદજીના સર્વાંશ જીવન તો તેજ ભાગ્યશાળી કહી શકે કે, જેણે આચાર્યદેવના દર્શન કરીને નેત્રો પવિત્ર કર્યા હોય, ઉપદેશ શ્રવણ કરીને કાનને કૃતાર્થ કર્યા હોય, ચરણોના સ્પર્શ કરીને શરીરને સાર્થક બનાવ્યું હોય. કેમકે પરોક્ષ કરતાં પ્રત્યક્ષ અને અનુમાન કરતાં અનુભવ બલવાન છે. મોટા મોટા વિદ્વાનો પાસે મારૂં કથન કેવળ સૂર્ય સામે દીપક બતાવવા જેવું ફક્ત હાંસી પાત્ર બન્યા સિવાય બીજું શું બની શકે?

છતાં પણ આતરિક ભક્તિ તેમજ શ્રદ્ધાની વિદ્યુત્ એટલી તેજીલી છે કે તેને મનુષ્ય તો શું પશુ-પક્ષી પણ રોકી શકે નહિ. તેથી તોતડી ભાષામાં ચૂ-ચૂ કરીને પોતાના મનોભાવ પ્રદર્શિત કરીને કૃતાર્થ બનું છું. તેથી જ પૂજ્ય આચાર્યદેવની પવિત્ર સેવામાં ફૂટે-તૂટે શબ્દોમાં વિનય-ભક્તિપૂર્વક શ્રદ્ધાંજલી અર્પણ કરવાની હું મારી ફરજ સમજુ છું.

આજ સ્વર્ગસ્થ આચાર્ય પ્રવરનો સ્થૂલ દેહ આપણી સમક્ષ નથી, પણ તેઓશ્રીએ આપણા ઉપર કરેલા અસિમ અલૌકિક ઉપકારરૂપી સુક્ષ્મ દેહ આપણાં હૃદયકમળને અવશ્ય પ્રફુલ્લિત કરે છે; એટલું જ નહિ એમના નામ માત્રથી મન આલ્હાદ પામે છે અને નેત્રોની પુતળિયો નૃત્ય કરવા લાગે છે.

પૂજ્યવર! આપે ક્ષત્રિય કુળમાં (વિ. સં. ૧૮૯૩) અવતાર ધારણ કરી વીરતાનો પરિચય આપ્યો. તેજ પ્રમાણે ધર્મવીર બનીને આપની વીરતાને સાર્થક કરી.

આપે જૈનેતર ધર્મમાં જન્મ લીધો છતાં સત્યપ્રિય હતા; જેથી બાળવયમાં માયાવી સંસારનો ત્યાગ કરી જૈનધર્મ (સ્થાનક વિ. સ. ૧૯૧૦)માં દિક્ષિત થયા. હે જ્ઞાનસાગર! આપશ્રીની તર્કશક્તિ અને સંશોધન શક્તિ જેટલી અપાર હતી તેટલાજ આપ નિડર હતા. આપ ગાડર પ્રવાહમાં રહ્યા છતાં એક સાચા સિંહ હતા. આપ ગતાનુગતિના ઉપાસક ન હતા પણ જૈનશાસ્ત્રોના પૂર્ણ મર્મજ્ઞ હતા. તેનું શુભ પરિણામ આવ્યું કે વીશ વર્ષોના સજ્જડ સંસ્કારોના સંશોધન બાદ સ્થાનકવાસી મતનો ત્યાગ કરી, આપના ૧૮ સાધુ સાથે સંવેગપક્ષી જૈન દીક્ષા સ્વીકારી અને જનતાને બતાવ્યું કે સત્ય આનું નામ.

હે ધર્મપ્રસારક વીર! આપે આપના ચરણકમળના સ્પર્શથી કેટલાય પ્રાન્તોની ભૂમિને પવિત્ર કરી, અબોધ પ્રાણીઓનો ઉદ્ધાર કર્યો. વિશેષ જનની-જન્મભૂમિનો ઉદ્ધાર કરી વિશેષ નામના હાંસલ કરી. પંજાબ જેવા વીર પ્રદેશમાં મૂર્તિપૂજક જૈન સમાજનો સૂર્ય અસ્તાચળ તરફ પ્રસ્થાન કરી રહ્યો હતો ત્યારે આપે અનેક મુશ્કેલીઓ વેઠીને પ્રચંડ પ્રકાશના કિરણો ચોમેર પ્રસરાવ્યા. તેથી એ કહેવું અતિશયોક્તિ નહિ ગણાય-કે આ રુઢિવાદના જમાનામાં આપ એક સુધારક તેમજ ધર્મપ્રસારક હતા.

હે કરુણા સિન્ધુ! આપશ્રીએ અનેક સ્થાનોમાં અને અનેક વાદિયોં સાથે શાન્તિપૂર્વક શાસ્ત્રાર્થ કરીને જૈન ધર્મનો ઝંડો લહેરાવ્યો હતો. જેનુ મિષ્ટ ફળ એ છે કે આજે પંજાબ પ્રાન્તમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઊંચા ઊંચા શિખરવાળા જૈન મંદિરો અને તેના હજારો ભક્તો વિદ્યમાન છે.

હે કૃપાનિધિ! આપશ્રીએ અમ જેવા પામર પ્રાણીઓ માટે અનેક ગ્રંથોનું નિર્માણ કર્યું. કેટલીયે મૂર્તિઓની અંજનશલાકા વિધિ, પ્રતિષ્ઠાઓ કરાવી. જ્ઞાન ભંડાર અને વિદ્યા પ્રચાર કરાવી ઓછા ઉપકાર નથી કર્યો કે જે અમે ભૂલી જઈએ. એટલુંજ નહી પણ ભારતમાં રહીને અમેરિકા સુધી જૈન ધર્મનો સંદેશો પહોંચાડયો. આજે યૂરોપ, અમેરિકા અને અમેરિકા જેવા પ્રદેશોમાં જે વિદ્વાનો જૈન ધર્મ વિષય પર અનેક કલ્પના કરી ભ્રમિત બનેલ તેઓ જૈન ધર્મનું સત્ય સ્વરૂપ જાણી જૈન ધર્મ તરફ અહોભાવ દર્શાવતા બન્યા. કેટલાય યૂરોપિયનો જૈન ધર્મ સ્વીકારી નિયમ વ્રતનું પણ પાલન કરવા લાગ્યા. ચિકાગો શહેરમાં ગાંધી સોસાયટીએ જે જૈન ધર્મનો પ્રચાર કર્યો છે તે આપની અસીમ કૃપાનું પરિણામ છે. આ મહાન ઉપકારના બદલામાં અમે શું કરી શકીએ —અર્થાત્ જેટલું કરીએ તેટલું થોડું.

હે પૂજ્યપાદ! આપશ્રીએ પંજાબનો ઉદ્ધાર કરી પંજાબકેશરી પદ મેળવ્યું. તેજ પ્રમાણે મરૂધરનો પણ ઉદ્ધાર કર્યો. આપશ્રી મારવાડમાં પદાર્પણ કર્યું તે પહેલાં ત્યાં મૂર્તિપૂજક સમાજ નામ માત્ર જ રહ્યો હતો. ૧૯૩૪માં મારવાડમાં ચાતુર્માસ કર્યું અને ૧૦૦ ઘરમાંથી ૫૦૦ ઘર મૂર્તિપૂજક બન્યા. તે આપના ઉપદેશનો પ્રભાવ.

હે ધર્મોદ્ધારક! જે જૈન મંદિરોમાં ઘોર આશાતના થઈ રહી હતી, જૈન જ્ઞાનભંડાર ચાર દીવાલોમાં સડી રહ્યા હતા ત્યાં આપના પ્રયત્નોથી આશાતના દૂર થઈ, જ્ઞાન ભંડાર પ્રકાશમાં આવ્યા. જીર્ણ મંદિરોના ઉદ્ધાર થયા. નવા મંદિરો રચાયા. અનેક પુસ્તકાલય અને પુસ્તક પ્રચાર મંડળ શરૂ થયા. તેથી મારવાડી જૈન સમાજ આપને મરૂધર કહે તો તેમાં અધિકતા નથી.

આપના ચરણ કમળોમાં વિનય, ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક શ્રદ્ધાંજલી અર્પણ કરૂં છું.


## પ્રગટ થઈ ચૂકેલ છે

**સુમતિનાથ ચરિત્ર ભાગ–૧ લો** તથા **શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૨ જો** જેની મર્યાદીત નકલો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી છે. અને તે બન્ને ભાગો મૂળ કીંમતે આપવાના છે.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૧ લો** (પૃષ્ઠ સંખ્યા–૨૨૪) કીંમત રૂપિયા પંદર.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૨ જો** (પૃષ્ઠ સંખ્યા–૪૪૦) કીંમત રૂપિયા પાંત્રીશ.

—: સ્થળ :—

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : **ભાવનગર** : (સૌરાષ્ટ્ર)

**તા. ક.** : બહારગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ અલગ આપવાનો રહેશે.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂ. ગુરુદેવની જીવન ઝરમર

આ મહાન પ્રભાવશાળી આત્માનો જન્મ વિક્રમ સંવત ૧૮૯૨ ચૈત્ર સુદ પ્રતિપદાના રોજ થયો હતો.

પંજાબ શહીદો અને પરાક્રમશાલી પુરુષો માટે ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. ત્યાં ઝેલ નદીના કિનારા પર કલશ નામનું નાનકડું ગામ. કલશ કુટુંબના દીવાન કુળમાં ગણેશચંદ્રનો જન્મ થયો હતો. કુળ હતું ચૌદહરા કર્પૂર–બ્રહ્મક્ષત્રીય. માતા–પિતાની ગોદના લાભ બહુ નહોતા સાંપડ્યા. કાકાએ મ્હોટો કર્યો. ખાન–પાનનો જરાયે અભાવ ન હતો. પણ યુવાનના હૃદયમા આકાંક્ષાઓ ઉછળતી. પરિણામે એક દિવસ કોઈને કહ્યા વગર ઘર બહાર ચાલી નીકળ્યો.

કેટલાક દિવસ બાદ રામનગર પાસે આવેલ ફાલિયા ગામના થાણેદાર તરિકે નિમાયો. ત્યાંજ રૂપાદેવી સાથે લગ્ન થયાં. મહારાજા રણજીતના એક શૂરા સૈનિક બનવાનું માન મેળવી શક્યો.

એમણે આસપાસના ગામડામા ધાડાં પાડવાનો પ્રારંભ કર્યો; પણ સ્વપ્ન સિદ્ધ ન થયું.

લેહરા ગામનો જાગીરદાર અત્તરસિંઘ હતો. ગણેશચંદ્રનો પુત્ર દિત્તા તેને ત્યાં રોજ રમવા જતો. તેના બાલ–લલાટ પર અત્તરસિંઘે અતિ ઉજ્જવળ ભાવીના ગૂઢાક્ષરો ઉકેલ્યા. અસાધારણ બુદ્ધિમત્તા અને સ્વભાવસિદ્ધ પ્રાભાવિકતા બાળ-મુખ પાસે ઉભરાતી નિહાળી.

અત્તરસિંઘ એક ધર્મગુરુ હતો. તેના માત પિતા પાસેથી દિત્તાની માગણી કરી. પણ રૂપા-દેવી અને ગણેશચંદ્રે સાફ સાફ ઈન્કાર કર્યો.

દિત્તા કોઈ વનરાજનું સંતાન ભૂલું પડી બકરાના જૂથમાં આવી પડ્યું હોય અથવા કોઈ નક્ષત્ર છૂટું પડી પૃથ્વી ઉપર આવી પડ્યું હોય તેમ અત્તરસિંઘને લાગતું. એ સત્તાધારી સત્તાના મદમાં મર્યાદા ચૂકયો. ગણેશચંદ્ર ઉપર તહોમત મૂકી બંદીવાન બનાવ્યો, કહેવરાવ્યું, "દિત્તા સોંપે તોજ કારાવાસમાં મુક્ત થવાશે."

ગણેશચંદ્રે બાવડાના બળે બેડીઓ તોડી નાખી. કેદખાનાનું પાંજરૂ તોડી બહાર આવ્યો. રાતોરાત પત્ની અને બાળકને લઈ, રૂડીવાળા ગામમાં પહોંચ્યો. આઠેક સાથીદાર સાથે બહારવટું ખેડ્યું. બહારવટિયા તરિકે પકડાયો ૧૦ વર્ષની કેદની સજા પૂરી થાય તે પહેલાં જ આગ્રાના કિલ્લામાં કંઈક તોફાનને લીધે બહાર થયા. તેમાં તે ગોળીનો ભોગ બન્યો.

× × ×

દિત્તાની કાળજી રાખનાર કોઈ ન હતું. જીરામાં જોધમલ ઓસવાલ નામનો ગૃહસ્થ દિત્તાનો પોષક પિતા બન્યો.

જોધમલનું કુટુમ્બ સંસ્કારી હતું. દિત્તાના હૃદયરૂપ નિર્મળ કાગળ ઉપર સંસ્કારના અક્ષરો ઉપસવા લાગ્યા. તેનું ઘર એજ દિત્તાની નિશાળ બની. અહીં દિત્તાને સ્થાનકવાસી સાધુઓનો સહવાસ સાંપડ્યો. પરિણામે સામાયિક, પ્રતિ-ક્રમણ, નવતત્ત્વ, છવીસ દ્વારના કેટલાક પાઠ ભણ્યો.

જોધમલ દિત્તાના લગ્ન માટે ઉતાવળ કરી રહ્યા હતો. પણ ભાવી જુદું જ હતું. દિત્તાના જીવન પટ પર "ગંગારામ અને જીવણરામ" નામના બે સ્થાનકવાસી સાધુના તેજ પથરાયા, દિક્ષા તરફ ખેંચાણ વધતું ચાલ્યું. જોધમલને ખબર પડતાં આંસૂભરી સમજાવટ આપી પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્મારામજીએ સલાહ ન માની. નાગોર મુકામે ફકીરચંદજી નામના સાધુએ, વ્યાકરણ શીખવાની ભલામણ કરી. પણ ગુરુ-આજ્ઞા વિના, તેમ કરવા હામ ન ભીડી. મુઝવણમાં એક દિવસે ગુરુજી પાસે વ્યાકરણ શીખવા અનુજ્ઞા માગી. પણ જવાબ—'નહિ'.

"ગુજરાતમાં સારા વિદ્વાન સાધુઓ છે તેમની પાસે જઇ શકું ?" જવાબ—'નહિ'.

આત્મારામજીને જણાયું કે આ વાડો કોઈ યથાર્થ જૈન દર્શન ન હોઈ શકે.

શત્રુંજય, ગિરનાર, અનેક ભવ્ય તીર્થોની કીર્તિ તેમના કાન પર પહોંચી. વાડાના બંધનો સાલવા લાગ્યા. સંપ્રદાયના વિરોધની પરવા કર્યા વગર, રોપડ નામના ગામમાં એક પંડિત પાસે સારસ્વત વ્યાકરણનો અભ્યાસ શરૂ કર્યો. થોડા જ સમયમાં સંપૂર્ણ સમજાઇ ગયું. પૂર્ણ વ્યાકરણ અણુલ માણસ શાસ્ત્રના મનફાવતા અર્થ માન્ય ન કરી શ઼. વ્યાકરણનો સખ્ત પ્રતિબંધ શા માટે છે તે બરાબર સમજાય ગયું. પછી પૂર્વાચાર્યોએ નિર્મેલી નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા વગેરે વાંચવાનો નિર્ણય કર્યો. પછીના માર્ગનો પણ નિર્ણય કર્યો. વૃદ્ધ પંડિત રત્નચંદ્રજીના સાધુના સહવાસે એ બીજને પાણી પાઈ ઉછેર્યું. સંવત ૧૯૨૦નું ચોમાસું આત્મારામજી મહારાજે આગ્રામાં કર્યું, વૃદ્ધ પંડિત સરળ સ્વભાવી રત્નચંદ્રજી પણ ત્યાજ ચોમાસુ રહ્યા હતા. તેમણે પોતાની પાસેની બધી શાસ્ત્ર-મુડી આત્મારામજીને અર્પવા તૈયાર થયા, તેમણે શાસ્ત્રો પુનરાવૃત્તિ માંડી. બીજા શાસ્ત્રો પણ વાંચ્યા.

આજ સમયે ગુરુ જીવણચંદ્રજીએ પૂરાયેલ પોપટને પાંખો આવતી હોય અને પાંજરની બારી સ્હેજ પણ ઉઘાડી રહી જાય તો પોપટ ઉડી જાય-તેવી ભીતિ લાગી. આત્મારામજીને પોતાની પાસે બોલાવી લેવામાં પોતાના ટોળાની સહીસલામતી સમજાઈ.

શ્રી રત્નચંદ્રજીથી વિખૂટા પડતા તેમને બહુ દુઃખ થયું. આત્મારામજીને વિદાય આપતાં, રત્નચંદ્રજીએ સ્નેહમધુર શબ્દોમાં કહ્યું, "મારી સલાહ માનો તો જિનપ્રતિમાની જરા સરખી નિંદા કરવાનું માંડી વાળજે. ગમે તેવા ગંદા હાથે શાસ્ત્રોને સ્પર્શ કરવો ઠીક નથી. જૈન સાધુએ હંમેશ પોતાની પાસે દાંડો રાખવો જોઈએ." મુહપત્તી તેમજ શાસ્ત્ર સંબંધમાં પણ આત્મારામજીએ કેટલાક ખુલાસા મેળવી લીધા.

તેમણે વચન આપ્યું, "મારા મનના નિશ્ચયને અર્થે શાસ્ત્રોના અર્થ વિચારી જોઇશ. મારી શક્તિ અનુસાર ભવ્ય જીવોને સત્યનો જ બોધ આપીશ. સત્ય કોઈને રૂચે યા ન રૂચે હું એની પરવા નહીં કરૂં."

આત્મારામજી આગ્રાથી વિહાર કરી દિલ્હી આવ્યા. કેટલાક સાથીઓને તેમની શ્રદ્ધા વિષે આશંકા ઉપજી. હજુ તેમને પોતાના સંપ્રદાયમાં રહીને કેટલીક તૈયારીઓ કરવાની હતી.

આગ ઉપર વસ્ત્ર ઓઢાડવાથી આગ છૂપાતી નથી તેમણે ગમે તેટલી સાવધાની રાખી પણ તેમના અંતરંગના અનુયાયીઓ તેમનો હૃદય પલટો જોઈ ગયા.

વિશ્વચંદજી આત્મારામજી પાસે રહી અભ્યાસ કરતા હતા. એક દિવસ માતરૂં કર્યા પછી, હાથ ધોયા વગરજ શાસ્ત્ર ભણવા બેઠા. આત્મારામજીથી તે સહી શકાયું નહિ. કનીરામને ખાત્રી થઇ કે પહેલાનો આત્મારામજી અને આજનો આત્મારામ એક નથી. તેણે કહ્યું. દાદા ગુરુના વ્યવહારમાં અને વચનોમાં પણ તમે હવે શંકા રાખતા થઈ ગયા છો.

આત્મારામજીએ કહ્યું, મેં કોઈ ગુરુને દાદા ગુરુને ગુલામીખત નથી લખી આપ્યું. આ વેષ બૂડવા માટે નથી લીધો. બાપ કે દાદાના ઊંડા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કૂવામાં ઉતર્યા હોય તો શું એમના સંતાનોએ પણ એ કૂવામાં ડૂબી મરવું ?

કનીરામ દિગ્મૂઢ બન્યો.

ત્યાગદશા સ્વીકાર્યા પછી, પોતાની આસપાસ કરોળિયાની જાળ જેવું જે પ્રતિષ્ઠાનું–ભક્તિભાવનું જાળું બંધાય છે તે તોડી શકવાનું સામર્થ્ય કોઈ વીરલામાં જ હોય છે, એ શકય બને તો પણ અખૂટ ધૈર્ય અને શાંતિથી રાહ જોતા બેસવું, પોતાની સાથે બની શકે તેટલા પંખીઓને મુક્ત કરતા જવું એમાં ઠંડી તાકાતની જરૂર પડે છે, બરાબર આજ દિવસોમાં તેમને એક યતિના ગ્રંથ સંગ્રહમાંથી "શ્રી શીલાંકાચાર્ય વિરચિત શ્રી આચારાંગ સૂત્ર વૃત્તિ" મળી આવી. તે વખતનો તેમનો આનંદ વર્ણનાતીત છે. તેમને પોતાના આચાર, અને શાસ્ત્રમાં વર્ણવેલા આચારાંગ વચ્ચે જમીન–આસમાન જેટલું અંતર દેખાયું.

જિજ્ઞાસાભાવે ચર્ચા કરવાથી વિશ્વચંદજીને જણાયું કે ઘેટાના ટોળામાં એક સિંહ–સંતાન છે.

એક દિવસ ચંપાલાલજીએ, ગુરૂ વિશ્વચંદજીને ખુલ્લા શબ્દોમાં કહ્યું, પછી આત્મારામજી પાસે ગયા. આત્મારામજીના સત્યશોધનનો શાંત-પ્રકાશ ચંપાલાલજીના દિલમાં અનાયાસે પથરાઈ ગયો. ત્રણેએ સહકાર સાધી, સ્થાનકવાસી સંપ્રદાયમાં સનાતન જૈન દર્શનની પ્રરૂપણા શરૂ કરી દીધી. ભાગ્યયોગે કેટલાક જિજ્ઞાસુ શ્રાવકો તેમના ઝંડા નીચે આવી ઊભા રહ્યા.

સગવડ પ્રમાણે શાસ્ત્રોનો મનઃકલ્પિત અર્થ કરી અનુરાગીઓ ઉપર ભુરકી નાખનારા પૂજ્યોનો એ જમાનો હતો. યુક્તિ કે સંગતિ શોધવા જેટલો અવકાશ અને આવડત ભાગ્યેજ કયાંય દેખાતા. અંધશ્રદ્ધાનું એક છત્રી સામ્રાજ્ય પ્રવર્તતું.

આત્મારામજીએ બળવાનો વાવટો છડેચોક ફરકાવવાને બદલે પોતાની કિલ્લેબંધી શરૂ કરી.

અમૃતસરમાં એક દિવસ તેઓશ્રીની વ્યાખ્યાન સભામાં શ્રોતાઓની ઠઠ જામી હતી. તેઓ ભગવતી–સૂત્ર સટીક વાંચતા. શ્રોતાજનો મહારાજજીની વકતૃત્વ શક્તિ અને યુક્તિ ઉપર યુક્તિ અવતારવાની શકિત ઉપર મુગધ હતા. સંપ્રદાયના પૂજ્ય અમરસિંહજીને પણ તેમના પર મોહ ઉપજતો. તેથી જ આત્મારામજીની સલાહ પ્રમાણે પોતાના શિષ્યોને વ્યાકરણ ભણવાની અનુકૂળતા કરી આપી હતી.

એક વખત તેઓ બોલી ઉઠ્યા, "પૂર્વાચાર્યોના કહેલા અર્થનો ત્યાગ કરી, જેઓ શાસ્ત્રવાકયના મન ફાવતા અર્થ કરે છે તેમની આ લોકમાં નહીં પણ પરલોકમાં જરૂર દુર્ગતિ થવાની–એ યાદ રાખજો."

હવામાં છોડેલું તીર અમરસીંઘની છાતીમાં વાગ્યું. અજાણતા આત્મારામજીએ એક વિરોધી ઉભો કર્યો. સત્ય શોધનનો જે પવિત્ર હુતાશન અહોનિશ પ્રજળતો હતો તેની જ આ એક સામાન્ય ચીનગારી હતી. પણ અમરસીંઘના દિલમાં વિરોધની આગ સળગાવી.

"આજ કાલ આત્મારામજીને ખૂબ અભિમાન આવી ગયું છે. હું ધારૂં તો એ અભિમાનના ભુક્કા ઉડાવી દઉં, એ મારી પાસે શી ગણતરીમાં છે ?" એમ ભક્તામાં ઉભરો ઠાલવવા લાગ્યા.

પણ તેમને શ્યાલકોટના સોદાગરમલ્લ–ઓસવાળે સાચી સલાહ આપી પછી તો જ્યારે જ્યારે પ્રસંગ પડે ત્યારે આત્મારામજી ઉપર પ્રશંસાના પુષ્પો વેરતા. વ્હાલથી વશ કરવા કહેતા, "તૂં એક રત્ન રૂપ છે. આપણે એક મત રહીએ તેમાં બન્નેની શોભા છે."

તે વખતે આત્મારામજીએ કહ્યું, "ભલે, આપ મારા પૂજ્ય રહ્યા. પણ શાસ્ત્રકારોની આજ્ઞાને હું સૌ કરતાં વધારે પૂજ્ય માનું છું. કોઈના સ્નેહથી કે કોઈની ધાકધમકીથી હું ઉલ્ટી પ્રરૂપણા નહિ કરૂં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક પછી એક દીવાલો જમીનદોસ્ત થતી જોઈ, અમરસીંઘજીએ કમ્મર કસી. તેણે "મેજરનામુ" તૈયાર કર્યું.

"જે કોઇ જિનપ્રતિમાને માને, પ્રતિમાની પૂજા કરવી એવો ઉપદેશ આપે મુહપતિ બાંધનારને વખોડે, બાવીશ અભક્ષ્યની બાધાં કરાવે તેનો આપણા સમુદાયમાંથી બહિષ્કાર કરવો."

પન્નાલાલજી આત્મારામજીની સહી લેવા ગયા. આત્મારામજીએ કહ્યું. "અને હું સહી ન કરૂં તો!"

"સહી ન કરો તો સમુદાયમાંથી બહાર નીકળવું પડશે" પન્નાલાલજી બોલી ઉઠયા.

"હું તમને નથી પૂછતો, હું મારા ગુરુ મુખે એમની સલાહ સાંભળવા માંગુ છું"–મર્યાદિત શબ્દોમાં જે તેમનો અંભાર ભર્યો હતો તે જીરવવો પન્નાલાલજી માટે મુશ્કેલ બન્યો. આફત માત્ર સામે ઝઝુમવાની સિંહવૃત્તિ તેમના ચહેરા પર મૂર્તિમંત બની હતી.

"કંઈ હરકત નહીં આપ એ વિષે નિશ્ચિત રહેશો. હું મારો માર્ગ કરી લઇશ" એમ જીવનલાલજીને ધીરજ આપી.

ગુરુ સાથે આત્મારામજી દિલ્હી તરફ વિહાર કરી ગયા. અહીં તેમણે ઉત્તરાધ્યાયનું ૨૮મું વ્યાખ્યાન સટીક વાંચવા માંડયું. શ્રોતાઓ માટે આ તદ્દન નવીન વાત હતી. સહુને લાગ્યું કે આત્મારામજીની વિદ્વતા પાત્ર પોતે નવા નિશાળીયા છે. દિલ્હીથી અંબાલા તરફ ગુરુ સાથે વિહાર કર્યો.

"આત્મારામ! તારા જેવો વિનયી શિષ્ય કોઈ ભાગ્યશાળી ગુરુને જ સાંપડે" એમ કહી જીવનલાલ એક રાત્રે રડી પડ્યા. મેજરનામામાં સહી કરવા બદલ પશ્ચાતાપ કરવા લાગ્યા.

આત્મારામજીને સપડાવવા જીવણલાલજી ઉપર ખૂબ દબાણ આવ્યું. તેમની સ્થિતિ 'એક બાજુ વાઘ અને એક બાજુ નદી' જેવી હતી. પણ આત્મારામજીએ ખુલ્લી રીતે પોતાના સિદ્ધાંતનો પ્રકાશ પર્ષદાઓમાં પાથરવા માંડયો. અંબાલા, પતિયાળા નાભા, માલેર, કોટલા, લુધીયાના વગેરે સ્થળોમાં થોડા દિવસ સ્થિરતા કરી, સનાતન શુદ્ધ જૈન ધર્મની રૂચીવાળા શ્રાવકો આત્મારામજીના અનુયાયી બન્યા. વાણી અને જ્ઞાનની દ્વારા ધર્મ પ્રચારના નિર્મળ જળ પંજાબની ભૂમિ ઉપર વહેતા મૂકયાં, વિશ્વચંદ્રજી, હુકમીચંદજી વગેરે તેમાં સુર પૂરતા હતા.

એકવાર આજ અરસામાં આત્મારામજી અને અમરસીંઘજી પૂજ્યનો ભેટો થયો–તે પણ જીરાથી જગરાંવાના માર્ગમાં, કિશનપુરા પાસે બન્નેની આંખો મળી. અમરસીંઘજીનો રોષ આંખ વાટે બહાર આવવા મથતો હતો. મ્હોં પરની દરેક રેખા રોષ ને તિરસ્કાર વ્યક્ત કરતી હતી. તે રસ્તો છોડી એક બાજુ ઉભા–આત્મારામજીનો પડછાયો પણ લેવા રાજી ન હતા. એ જોતાં જ આત્મારામના મુખ કમળ પર આછું સ્મિત ફરકયું. સીધા અમરસીંઘજી પાસે પહોંચ્યા. કાંડુ પકડી, આગ્રહપૂર્વક બેસાર્યા; "બિરાજો, મારે આપને વંદના કરવી છે."

આત્મારામજીએ વિધિપૂર્વક વંદના કરી, સુખશાતા પૂછી. અમરસીંઘજીને લાગ્યું કે આ પ્રકારની મધુરતા અને અસાધારણ વિદ્વતાને લીધે તે શાસ્ત્રાર્થના જંગ જીતી જતો હશે.

પૂજ્યજી મહારાજ! મેં આપનું શું બગાડયું છે? મારા ઉપર શું કામ ગુસ્સો કરો છો?" કોમળ શબ્દોમાં આત્મારામજીએ કહ્યું. આ વિવેકથી અમરસીંઘ આશ્ચર્ય સ્તબ્ધ બન્યા, પછી છૂટા પડ્યા.

જીરામાં અમરસિંઘજી આત્મારામજી સામે ગઢ બાંધતા ગયા, પણ આત્મારામજીના પગલા થતાંજ ગઢ જમીનદોસ્ત બન્યો. તેમણે થોડા પ્રશ્નો તૈયાર કર્યા અને જવાબ મેળવી લાવવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રાવકોને કહ્યું પણ કોઇ પાસેથી જવાબ ન મળ્યા ત્યારે આત્મારામજીનું કથન યથાર્થ છે. તેમ કહી વિરોધીઓ આત્મારામજીના પક્ષમાં ભળી ગયા.

તેઓશ્રી ઉતાવળની તરફેણમાં ન હતા. વિશ્નચંદ્રજીને એક વખત કહેલું ખબરદાર, પૂજ્યશ્રી જ્યાં સુધી હૈયાત છે ત્યાં સુધી તેમને દુઃખ થાય તેવું કાંઇ ન કરશો. આપણા ચાલ્યા જવાથી તેમનું હૈયું કેટલું વલોવાય ?"

એક સાંજે સાધુઓની મંડળીને કહ્યું "તમારી સૌની ઇચ્છા હોય તો મહાવીર દેવના શાસનનું સાચું પ્રતિક્રમણ વિધિપૂર્વક કરાવું. સૌની સંમત્તિ લઈ વિધિપૂર્વક પ્રતિક્રમણ કર્યું. સહુએ અકલ્પ્ય ઉલ્લાસ અનુભવ્યો.

અમરસિંઘે સરકારી મદદ લઇ, આત્મારામજી-ને પકડાવવા પેરવી કરી. પણ કામયાબ ન નીવડી.

ત્યારબાદ વિશ્નચંદ્રજી વગેરે ૧૨ સાધુઓ અમરસિંઘથી જુદા પડયાં. આત્મારામજીએ તેમની ઉતાવળ માટે પ્રેમપૂર્વક ઠપકો આપ્યો. હવે પ્રચાર કાર્યમાં લાગી જાઓ. ૨૦ સાધુઓએ આ કામ આદર્યું. ૧૯૩૧માં ચોમાસુ હુશીયાર-પુરમાં વીતાવ્યું, ત્યારબાદ ગુજરાત તરફ વિહાર કરવાનું નક્કી થયું. આત્મારામજીનું આ હતું મહાન પ્રસ્થાન.

તેમની સુવાસ ચોમેર ફેલાઇ ગઈ હતી. અમદાવાદમાં શ્રી બુટેરાયજીને જાણ થઈ ત્યારે એમને ખૂબ આનંદ થયો, અમદાવાદમાં તેમનું સ્વાગત એ પુણ્ય સ્મરણ છે. નગરશેઠ પ્રેમાભાઈ શેઠ દલપતભાઈની આગેવાની નીચે લગભગ ૩૦૦૦ શ્રાવક–શ્રાવિકાઓ ત્રણ કોશ દૂર સ્વાગત માટે ગયા. સ્વાગતમાં. અંતરંગ ભક્તિ શ્રદ્ધા અને બહુમાન હિલોળે ચઢયાં હતાં.

"તું યે હવે આવી જા, શાંતિસાગર ! આત્મા આવી પહોંચ્યો છે." બુટેરાયજીએ આત્મારામને પડખામાં રાખી, પડકાર કર્યો.

વિજયની અનેકવિધ કલગી ધારણ કરનાર આત્મારામજીના મુકુટમાં શાંતિસાગર સાથેની ચર્ચામાં એક નવોજ હીરો ઉમેર્યો, વળી હુકુમ મુનિના પુસ્તકનો જડબાતોડ જવાબ વાળ્યો. સુરતના જૈન સંઘને નિશ્ચિંત બનાવ્યો.

ગુજરાતમાં તેમની શક્તિનું વહેણ, તીર્થ-યાત્રામાં, નિર્મળ ઉપદેશ વાણીમાં વાદવિવાદમાં, ગ્રંથ રચનામાં, ખળખળ નાદ કરતું વહેતુ બન્યું. અમદાવાદથી તેઓશ્રી શત્રુંજય પધાર્યા. ઉલ્લાસ અને ભક્તિપૂર્વક ગિરિરાજને ભેટયા. યાત્રા પછી પુનઃ અમદાવાદ આવ્યા. શ્રી બુટેરાયજીને ગુરુદેવ તરીકે સ્વીકાર્યા. એમની સાથેના ૧૫ શિષ્યોએ આત્મારામજીનું શિષ્યત્વ સ્વીકાર્યું.

ગુજરાત, સૌરાષ્ટ્રની ભૂમિને તરબોળ બનાવી, પંજાબ તરફ વિહાર કર્યો, પંજાબમાં શ્રાવકોનું શ્રદ્ધાન ટકાવી રાખવા મંદિરો, પ્રતિમાઓ, પ્રતિષ્ઠા આદિની જરૂર હતી.

પુનઃ અમદાવાદ પધાર્યા. ૧૯૪૩માં સકળસંઘ કાર્તિકી પૂર્ણિમાને દિવસે તેમના મસ્તક પર સૂરપદનો મુકુટ મૂકે છે. શ્રીસંઘે આત્મારામજી જેવા એક સમર્થ યુગપ્રભાવકને જે સૂરિપદના સિંહાસને બેસારી પોતાનું જ ગૌરવ વધાર્યું. તે વખતે ૩૮૦૦૦ શ્રાવક–શ્રાવિકાઓનો સમુદાય જામ્યો હતો. છતાં 'હુંપદ'નો સ્પર્શ જ થયો નહિ. માણસ પદવીને શોભાવે છે, તેથી જ આચાર્ય શ્રી વિજયાનંદસૂરિ બનવાનું યોગ્ય ધાર્યું.

યથાર્થ આત્મારામજી તેમના ગ્રંથોમાં મળશે નહીં કે શિષ્યોની સંખ્યામાં કે વિહાર ક્ષેત્રમાં આ ગ્રંથો જ એ પુરુષના આત્માના તેજને આજે પણ અક્ષરરૂપે સંઘરી રહ્યાં છે.

**'અજ્ઞાન તિમિર ભાસ્કર' તત્ત્વ નિર્ણય પ્રાસાદ**, જૈન તત્ત્વદર્શન, **ચિકાગો પ્રશ્નોત્તર**, સમ્યકત્વ શલ્યોદ્ધાર, જૈન પ્રશ્નોત્તર વગેરે તેમની ગ્રન્થકૃતિઓ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ૫. પૂજ્ય આચાર્યદેવ શ્રી આત્માનંદ મહારાજ સાહેબનો અનેરો પ્રભાવ

# અમેરિકામાં પ્રભાવ

**ચીકાગો, યુ. એસ. એ.**
**૧૨-૬-૧૮૯૩**

મહારાજ સાહેબ.

રેવરન્ડ ડૉ. બૈરસિ સાહેબની ઇચ્છાનુસાર હું આપના ૧૩-મેના પત્રની પહોંચ લખું છું.

આ ધર્મ પરિષદમાં જૈનો તરફથી એક વિદ્વાન પ્રતિનિધિની હાજરી આવશ્યક છે. અમને દુઃખ થાય છે કે પૂ. મુનિ મહારાજ આત્મારામજીની પધારવાની કોઈ આશા રહી નથી. છતાં અમને વિશ્વાસ છે કે જે સમાજના આપશ્રી અગ્રગણ્ય છો તે સમાજના કોઈ વિદ્વાન પ્રતિનિધિ રૂપ કોઈ વિદ્વાનને આપ મોકલશો. અને તે કહેવાની કોઈ આવશ્યકતા નથી. કે અમે આપના પ્રતિનિધિના પૂર્ણ રૂપસે ચિકાગોમાં આતિથ્ય સત્કાર કરશું. જો આપ આપના પ્રતિનિધિ મોકલવાનો નિર્ણય કરો તો કૃપા કરી અમને તારથી સૂચના આપશો. જે નિબંધ આપ તૈયાર કરી રહ્યા છો તે અમને સંપૂર્ણ યથાર્થતયા આનંદ આપશે; અને તેને કાર્યક્રમમાં એટલુંજ ઊંચુ સ્થાન અપાશે જેટલું લેખકનું ઊંચુ સ્થાન છે. જો કે અમે ચિકાગોમાં આપનાથી ઘણા દૂર છીએ છતાં પૂ૦ મહારાજ સાહેબ આત્મરામજીનું નામ ઘણું કરીને ધાર્મિક વિવાદમાં આવે છે. આ ધાર્મિક પરિષદમાં જે કાર્યવહી થશે તે માટે કેટલાક ચિત્રોની આવશ્યકતા છે; જેથી જૈનધર્મની ક્રિયાવિધિની જાણ થઈ શકે. એ માટે આપને પ્રાર્થના છે કે તે ચિત્રો આપ જલ્દીથી મોકલવાની કૃપા કરો.

લી. હું છું,
આપનો

**વિલિયમ પાઇપ, પ્રાઇવેટ મંત્રી.**

એક યૂરોપિયન વિદ્વાન ડોકટર એ. એફ. રુડોલ્ફ હાર્નલ સાહેબ જે સંસ્કૃત-પ્રાકૃતના પંડિત હતા, તેમણે પૂ૦ ગુરુદેવ શ્રી આત્મારામજીની સ્તુતિ સંસ્કૃતમાં કરી હતી. **તેમાંનો એક શ્લોક :—**

દુરાગ્રહ ધ્વાન્ત વિભેદ માનો !
હિતોપદેશામૃત સિંધુ ચિત્ત !
સન્દેહ સન્દોહ નિરાસકારિન્ !
જિનોક્ત ધર્મસ્ય ધુરંધરોડસિ !

વેદામતાનુયાયી એક પંડિત, રાજા મહારાજાઓની સભામાં વિજય પતાકા ફરકાવનાર, યોગજીવાનંદસ્વામી પરમહંસ સંન્યાસી સાધુએ પૂ૦ આત્મારામજી મહારાજ સાહેબ પર **લખેલ પત્ર :**

"નિરપેક્ષ બુદ્ધિ દ્વારા વિચારપૂર્વક જોયું

---

જૈન સંઘના હિત અને શ્રેયમાં પોતાનું વ્યક્તિત્વ વીસરી જનાર, એની સાથે એકતાર બનનાર આવો પુરુષ, વર્તમાન જૈન સમાજે આ પહેલી અને છેલ્લીવાર જોયો જૈન સંઘના પુણ્યેજ એમને આકર્ષ્યા હતા. આત્મારામજીની જીવન-ઘટનાઓ જોતાં જાણે કે કોઈ દેવદૂત, ભાગ્યાના ભેરૂ જેવો કોઇ મહારથી, અદશ્યપણે વિચરતા સંતસંઘનો કોઈ સીતારો, જૈન સંઘમાં આવી પડયો હોય અને પોતાનું જીવનકાર્ય પૂરૂં થતાં કર્તવ્યના મેદાનમાંથી ચુપચાપ ચાલી નીકળ્યો હોય એમ લાગે છે.

"ન્યાયાંભોનિધિ શ્રી વિજયાનંદસૂરિ"
( લે, સુશીલ )
માંથી ઉદ્ધૃત.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખતો આપનો એટલો સત્ય, નિષ્પક્ષપાતી મને જણાયો કે જાણે જગત્ છોડ, બીજા જગતમાં આવીને ઉભો રહ્યા. બાલ્યકાળથી માંડીને આજ ૭૦ વર્ષ સુધી જે કાંઈ અધ્યયન કર્યું અને વૈદિક ધર્મ બાંધીને ફર્યો તે વ્યર્થ સમું માલૂમ પડયું. 'જૈન તત્ત્વાદર્શ' અને 'અજ્ઞાનતિમિર ભાસ્કર' – બન્ને ગ્રંથોનું રાત્રિ-દિન મન્થન કરતો અને લેખકની પ્રશંસા કરતો બેઠકમાં બેસી રહું છું. આજ હું આપની પાસે એટલો જ સ્વીકાર કરી શકું છું કે પ્રાચીન ધર્મ, પરમ ધર્મ અગર કોઈ સત્યધર્મ હોય તો તે જૈનધર્મ. જેની પ્રભા નાશ કરવાને વૈદિકધર્મ, અને ષડ્શાસ્ત્ર અને ગ્રંથકારો ખડા થયા હતા. પરંતુ પક્ષપાત શુન્ય બની જો કોઈ વૈદિક શાસ્ત્રાપર દષ્ટિ નાખે તો સ્પષ્ટ પ્રતીત થશે કે વૈદિક વાતો કયાંયથી લેવામાં આવી હોય તો તે જૈન શાસ્ત્રોમાંથી."

**યોગજીવાનંદ સ્વામી**

**લક્ષ્મણ રઘુનાથ ભીડે–પૂનાસિટી** પોતાના લેખમાં જણાવે છે કે :—

અર્હન્મત અનાદિ અનન્ત હોવાથી તેનો કદી નાશ થતો નથી. તોપણ સમકિતના અભાવથી કાલના પ્રભાવ અનુસાર ભવ્ય જીવોમાં મતમતાન્તર થઇ જાય છ. મિથ્યા અભિપ્રાયને લઇને, અર્હન્મતને જ્યારે લોકો વિપરિત પ્રકારથી માનવા લાગે છે ત્યારે મતોદ્ધારકની જરૂરત ઉભી થાય છે. તે માટે, મત સંસ્થાપક તીર્થંકર જેવા ભૂતકાળમાં થયા છે, વર્તમાનકાળમાં થઈ ચૂકયા છે અને ભવિષ્યમાં થનાર છે અને મત પ્રચારક સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય તથા સર્વ સાધુઓ ત્રણે કાળમાં હોય છે તેવી રીતે મતોદ્ધારક પણ થતા રહે છે. પ્રસિદ્ધ ન્યાયમ્ભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબ એવા મતોદ્ધારકમાંના એક છે.

**લે. લક્ષ્મણ રઘુનાથ ભીડે**


## શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન

શાશ્વતા તીર્થની ઉપાસના આવા પુનિત પુસ્તકના વાચન દ્વારા વિશેષ રીતે થઇ શકે છે. તેથી આ પુસ્તક દરેક ઘરે વસાવવા જેવું છે.

નવ્વાણુ યાત્રા કરનાર ભાગ્યવંતોને, વર્ષીતપ કરનાર તપસ્વીઓને, તેમજ શ્રી જૈન સંઘના શ્રાવકો અને શ્રાવિકાઓને પ્રભાવનામા આપવા લાયક પુસ્તક છે. આ પુસ્તકમા પુનિત તીર્થના પંદર ફોટાઓ છે કિંમત ફક્ત ૬-૦૦ રૂપિયા જે વ્યક્તિ સો કે સોથી વધારે પુસ્તક મંગાવશે તેમને દશ ટકા કમિશન આપવામા આવશે.

શ્રી જૈન આત્માનંદ સભા ખારગેઇટ
ભાવનગર ( સૌરાષ્ટ્ર )


## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઈ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એક જૈન વીર સત્ય ઘટના

લેખક : શ્રી કૃષ્ણલાલ વર્મા

ધર્મલાભનો ગંભીર ધ્વનિ સારાયે ઘરમાં ગુંજી ઉઠયો. બાળક, બાળિકાઓ, યુવક, યુવતિઓ, વૃદ્ધ અને વૃદ્ધાઓ સહુ આવ્યા અને ગુરુચરણમાં વંદના કરી, ઉભા રહ્યા. ગુરુના ભવ્ય ચહેરામાંથી શાંતિ ટપકી રહી હતી. બ્રહ્મચર્યના તેજથી ચહેરો ચમકતો હતો. વિશાળ નેત્રોમાંથી જ્ઞાનની જ્યોત પ્રકાશિત બની રહી હતી. વદન મણ્ડલ પર હાસ્ય રમી રહ્યું હતું.

સર્વે આવ્યા પણ ઘરમાલિક જોરાવરસિંહજી ન આવ્યા. ગુરુદેવની ચક્ષુઓ ચારે બાજુ તેમને શોધી રહી હતી. મકાન માલકણે વિનય પૂર્વક વિનંતી કરી, "આહારપાણી દોષ રહિત શુદ્ધ છે. લાભ આપી અમને કૃતાર્થ કરો."

ગુરુ મહારાજ આવ્યા અને રસોડાના દરવાજા પર ઉભા રહ્યા, ગૃહસ્વામિનીએ ધીમેથી હલવાની કટોરી ઉઠાવી, ધીમેથી પાત્રામાં વહોરાવવા લાગી. ગુરુજીએ કહ્યું. "નહીં, રોટી લાવો" ગૃહસ્વામિની આગ્રહ કરી રહી હતી, પણ ગુરુજી 'ના' કહેતા હતા. નાનો બાળક બોલી ઉઠયો, "ગુરુજીને હું વહોરાવીશ. મને કટોરી આપો" કટોરી બાળકે લઈ લીધી. ગુરુજી મના કરતા રહ્યાં. અને બાળકે હલવો પાત્રમાં વહોરાવી દીધો. ગુરુજી હસી પડયા, અને કહ્યું, "ધર્મલાભ" બાળકે અભિમાન પૂર્વક માતા સામે જોયું અને કહ્યું, "જોયું! ગુરુજીએ કેવી રીતે વહોર્યું?"

એ સમયે ગૃહસ્વામી ઉપરથી નીચે આવ્યા. ચહેરા પર ઉદાસીનતા હતી. ગુરુ મહારાજને જોઇ વંદના કરી. ગુરૂ મહારાજે 'ધર્મલાભ' આપ્યો અને પૂછયું, "આજ આપ કેમ ઉદાસ છો?" જોરાવરસિંહજી હાથ જોડીને નમ્રતાપૂર્વક વિનંતી કરી, "ગુરુદેવ, આપ થોડું કષ્ટ વેઠીને ઉપર આવો તો સર્વ વાત વિજ્ઞપ્તિ સાથ કરૂં મને આપના ઉપદેશની ખૂબ જરૂર છે."

ગુરુદેવ હસ્યા અને કહ્યું, "સારું, ચાલો."

× × ×

"ગુરુદેવ! આપ જાણો છો કે આજસુધીમાં મેં અનેક સંગ્રામો ખેલ્યા છે. હરેક વખત વિજયપતાકા લહેરાવી છે. રાજ્યના તમામ શત્રુના દાંત ખાટા કરી દીધા છે. રાજાધિરાજે મારૂં સન્માન કર્યું છે. દરેક લડાઈ બાદ, મને બક્ષિસો આપી, મારો માન મરતબો વધાર્યો છે.

રિયાસતમાં એક સ્થળના જાગીરદાર, કોઈ કારણોથી મહારાજા પાછળ પડયો છે. ત્રણ વર્ષથી તેમનો કટ્ટર વિરોધી બન્યો છે. તે મહારાજાની આજ્ઞા માનતો નથી. બે વખત મહારાજાએ તેને હરાવવા અને પકડી લાવવા ફોજ મોકલી. પણ બન્ને વખત જાગીરદારે ફોજને હરાવી, અને સેનાપતિઓને શરમીંદા બની પાછા ફરવું પડયું.

જાગીરદાર મારો મિત્ર છે, હું તેની સાથે લડવા જવા માગતો નથી. કાલે મહારાજાએ ફરમાન કર્યું."

જોરાવરસિંહ, તમારે રાજ્યની આબરૂ બચાવવા જવું પડશે. અને જાગીરદારને પકડી લાવવો પડશે. જો તમે નહીં જાઓ તો મારે માનવું પડશે કે તમે રાજદ્રોહી જાગીરદાર સાથે મળી ગયા છો. અને રાજદ્રોહની શિક્ષા તમારે ભોગવવી પડશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"ગુરુદેવ ! ફરમાવો મારે શું કરવું ? એક તરફ રાજ્ય પ્રત્યે મારી ફરજ છે. બીજી તરફ મિત્રપ્રેમ છે. કર્તવ્ય પુકારે છે કે મિત્ર સામે હથિયાર ઉઠાવો. પ્રેમ પુકારે છે કે મિત્રને બનતી મદદ કરો. જો હથિયાર ઉઠાવું તો મિત્રદ્રોહ થાય છે; મિત્ર અને તેનું કુટુંબ સંકટમાં આવે. જો મિત્રને મદદ કરૂં તો કર્તવ્યભ્રષ્ટ અને રાજદ્રોહી બનું છું. સાથોસાથ મારા કુટુંબની જાનમાલનો ખતરો ઉભો થાય છે. ગુરુદેવ રસ્તો બતાવો. કયા માર્ગે ચાલવાથી ગૃહસ્થધર્મનું પાલન યથાયોગ્ય થયું ગણાય ?"

ગુરુદેવ ઠીક સમય વિચારતા રહ્યા. પછી કહ્યું, "જાગીરદારનો દ્રોહ ન્યાયયુક્ત છે કે અન્યાયયુક્ત તે કહો. જો દ્રોહ ન્યાયયુક્ત હોઈ તો મિત્રને સાથ આપો. અન્યાયપૂર્ણ હોય તો મિત્રને સજા કરવા રાજ્યને મદદ કરો. ગૃહસ્થના ધર્મ છે ન્યાયની રક્ષા કરવાનો- ન્યાય ખાતર, કુટુંબ, પરિવાર, મિત્ર, સંપત્તિ સર્વનો ત્યાગ કરો. જો જરૂર પડે તો ન્યાયની વેદી પર સર્વનું બલિદાન આપો. આપના પ્રાણનું પણ બલિદાન આપો; અને ન્યાયને જય પામવા દો. ન્યાયને વિજય અપાવવા આપની માનસિક, શારીરિક શક્તિઓનો પૂર્ણ ઉપયોગ કરો.

જોરાવરસિંહ બોલ્યા, "ગુરુદેવ ! ન્યાય તો રાજ્યના પક્ષમાં છે, તો આપ એ ઉપદેશ આપો છો કે હું મિત્રદ્રોહ કરૂં ? મિત્રના પ્રાણ લઉં ? મિત્રના કુટુમ્બને દુઃખમા નાખું ?"

ગુરુદેવે ગંભીર બનીને કહ્યું, "હું તો ફક્ત એટલું જ કહું છું કે ન્યાયનો પક્ષ લો, તેથી વિશેષ હું કહેતો નથી."

થોડીવાર રાહ જોઈ ને ગુરૂદેવે કહ્યું, "આપ નિયમિત સામાયિક અને પ્રતિક્રમણ કરો છો ?

જોરાવરસિંહે કહ્યું, "નહીં."

"તમે આજથી નિયમિત સામાયિક કરો. સામાયિકમાં મુખ્યત્વે આત્મ-વિચારને સ્થાન આપો, આત્મ-વિચાર તમને યોગ્ય રસ્તા પર ચલાવશે."

જોરાવરસિંહે જ્યાં સુધી ઘરે હોય ત્યાં સુધી હંમેશ સામાયિક કરવાનો નિયમ લીધો. ત્યારબાદ ગુરુદેવ ચાલ્યા ગયા.

× × ×

રાજા સિંહાસન શોભાવી રહ્યા હતા. દરબારી લોકો ચૂપચાપ નતમસ્તકે બેઠા થા, રાજાએ કહ્યું, "શું તમારામાંથી કોઈ પણ તે જાગીરદારને ઠેકાણે લાવવાનું કાર્ય કે સાહસ નહીં કરી શકે ?"

કોઈએ માથું ઊંચું ન કર્યું. રાજાએ કહ્યું, "ત્યારે હું એમ માની લઊં કે આપ બધા નકામા છો ? મારા રાજ્યમાં એવો કોઈ શુરવીર નથી કે જે જાગીરદારને પકડી લાવે ?"

ચારે બાજુ શાંતિ છવાઈ ગઈ, તેજ સમયે બહારથી અવાજ આવ્યો, "અન્નદાતાને ઘણી ખમ્મા. હજુરનો સેવક જોરાવરસિંહ હજુ જીવતો છે. જ્યાંસુધી તેના દેહમાં પ્રાણ છે ત્યાંસુધી રાજ્યમાં કોઈ દ્રોહી નહિ રહી શકે. જેવી રીતે એક ગુફામાં એક જ સિંહ રહી શકે છે તેમ રાજ્યમાં હજુરના તપ-તેજ રહેશે. કોઈ વિદ્રોહી ફાલીફૂલી ન શકે."

"આઓ, જોરાવરસિંહજી ! આઓ. તમારા જેવા વીર રાજ્યભક્ત પામીને મારૂં રાજ્ય ધન્ય બન્યું છે. એમ કહીને, રાજા ઉભા થયા. હાથ જોડી, નતમસ્તકે ખડા રહ્યા અને જોરાવરસિંહને શાબાશી આપી."

× × ×

જોરાવરસિંહે પાંચ હજાર ફોજ સાથે દુશ્મનના કિલ્લાને ઘેરો ઘાલ્યો. કિલ્લામાં જતી મદદ બંધ કરી, અને જાગીરદારને કહેવરાવ્યું, "આપ મારા મિત્ર છો. તેથી હું આપને આગ્રહ કરૂં છું કે આપની વિદ્રોહી ભાવના ત્યજીને મહારાજાના શરણે આઓ. હું આપને વચન આપું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છું કે આપના અગાઉના બધા ગુન્હા, મહારાજાને વિનંતી કરી માફ કરાવી દઇશ.”

જાગીરદારે ઉત્તરમાં જણાવ્યું, જ્યાં સુધી રાજપૂતના હાથમાં તલવાર છે ત્યાંસુધી તે કોઇની પરવાર કરતો નથી. શરણે જવાની કે ક્ષમા માગવાની વાત તો તેજ વિચારે જેને **શાન** કરતા **જાન** વધારે વ્હાલી હોય છે. હું જાન આપીશ પણ ‘શાન’ નહિં આપું.”

“હું જાણું છું કે તમે વીર છો, રણપટુ પણ છો, અને ચાલબાજ પણ છો. તેથી સંભવ છે કે તમારી મોટી સેના અને ચાલબાજીથી હું પરાસ્ત બનું અને રણસ્થળ પર જાન ગુમાવું. જો એવું બને તો હું મારા કુટુંબની સન્માન-રક્ષાનો ભાર તમને સોંપું છું. આશા છે કે મિત્રના દાવે અને નાતે તમે મારા કુટુંબની આબરૂ પર આંચ નહિં આવવા દો.”

જોરાવરસિંહે એ વાત સ્વીકારી. કેટલાય દિવસો સુધી કિલ્લેદાર કિલ્લામાંથી બહાર ન આવ્યો. અંતે જ્યારે ખાવા પીવાનું સમાપ્ત થઇ ગયું ત્યારે ચારસો કે પાંચસો બહાદુર પુરુષો સાથે બહાર આવ્યો. રાજ્યની સેના પર તૂટી પડયો. ઘમસાણ યુદ્ધ થયું. તેના પાંચસો માણસો મોટી સેના સામે કયાં સુધી ટકી શકે? છેવટે તલવાર ચલાવતા ચલાવતા સહુ રણભૂમિ પર સૂતા. જાગીરદાર પણ અનેકને મૃત્યુને ઘાટ ઉતારી વીરગતિ પામ્યો.

જોરાવરસિંહે જાગીરદારની આબરૂ અનુસાર અગ્નિસંસ્કાર કરાવ્યા. જાગીરદારની પત્ની, પતિની સાથે અગ્નિપ્રવેશ કરી પૃથ્વીને છોડી ગઈ.

જ્યારે સિપાઇ લોકોએ કિલ્લામાં લૂંટ ચલાવવા પ્રયત્ન કરવા લાગ્યા ત્યારે જોરાવરસિંહે ફરમાન કર્યું, “જો કોઈ લૂંટફાટ કરશે તો તેને જાનથી મારવામાં આવશે.” આપણે વિદ્રોહીને શિક્ષા કરવા આવ્યા હતા નહિ કે તેની પ્રજાને લૂંટવા.” લૂંટવાનું કાર્ય લૂટેરાનું છે, વીરોનું નહિં.”

આ ફરમાનથી અનેક નાના અમલદારો અને સિપાઈઓ નારાજ થયા; પણ લાચાર બનીને હુકમ માનવો પડયો.

જોરાવરસિંહે રાજાની આજ્ઞા ફરમાવી. કિલ્લાનું રક્ષણ કરવા માટે વ્યવસ્થા કરી. જાગીરદારના બાળ બચ્ચાને સાથે લીધા.

રાજાએ જોરાવરસિંહનું બહુમાન કર્યું. ઈનામ બક્ષીસો અર્પ્યા. કહેવાય છે કે હજુ તેના વંશ વારસો જાગીરના કેટલાક ભાગના ઉપભોગ કરી રહ્યા છે.

**ક્રમશઃ**

[ તા. ક. : ઈર્ષાની આગ અનેક શિખાઓ વાળી છે. તેમજ ઈર્ષાળુ લોકોની કમીના નથી. તેઓ કેવા કાવાદાવા વાપરે છે, વીરનર કેવી રીતે મૃત્યુને ભેટે છે–તે મેના માસિકમાં વાંચો. ]

---

# અનુમોદના

પરમ પૂજ્ય શાશન પ્રભાવક આચાર્ય વિજય મેરૂપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબની શુભ નિશ્રામાં શ્રી નવપદ ઉપાસક મંડળ પ્રેરીત તથા ભાવનગર જૈન મૂ. તપાસંઘના ઉપક્રમે પાંચમી સામુદાયિક શાશ્વતી ચૈત્રી ઓળીની આરાધના ભાવનગર **દાદાસાહેબ**માં શ્રી અનોપચંદ માનચંદ શાહ (જશપરાવાળા) સપરિવારના આયોજન પૂર્વક ખૂબ ભાવપૂર્વક અને ઉલ્લાસ પૂર્વક થઈ ગઈ છે.

શ્રી અનોપચંદ માનચંદ શાહ આ સભાના પેટ્રન છે. તેમની ભાવના સાકાર અને મૂતિવંત બની અને તેમની લક્ષ્મી પુણ્યાનુંબંધી પુણ્યવાળી બની. તે માટે અમે તેમની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ. શ્રીમાન ધરણીધરભાઇ (કોળિયાકવાળા) શ્રીમાન કાન્તિભાઇ (કુંડલાવાળા), શ્રીમાન શાહ વિનુભાઈ (કોળિયાકવાળા), વગેરેની સેવાની મુકત કંઠે પ્રશંસા થઈ છે. તે માટે તેમને પણ અભિનંદન.

**શ્રી જૈન આત્માનંદ સભા,**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપદેશ રત્નાકર

લેખક : સહસ્રાવધાની આચાર્યદેવ શ્રી સુંદરસૂરીશ્વરજી મ. સાહેબ
વ્યાખ્યાનકાર : આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબ

સ્વપર ઉભયમાં રહેલ અનિષ્ટના હરણમાં ધર્મનૃપનું ઉદાહરણ :-

શ્રી કમલપુર નામે નગર. કમલસેન નામનો નૃપતિ પ્રજાવત્સલ હતો. કોઈ એક દિવસ રાજા પાસે એક નૈમિત્તક આવ્યો. વાતચીત દરમિયાન નૈમિત્તકે કહ્યું, "બાર વર્ષનો દુષ્કાળ પડશે." આ પ્રકારના ભાવિ શ્રવણથી રાજા ચિંતાતુર બની ગયા.

ચોમાસુ આવી લાગ્યું. અષાઢ માસની નવીમીના દિવસે, રાજા સભામાં બેઠા હતા. એ સમયે માખીની પાંખ જેટલું વાદળું આકાશમાં ઉત્પન્ન થયું. સહુની નજર તેના પર પડી. સહુના મનોરથો સાથે તે વૃદ્ધિ પામ્યું. વધતાં વધતાં એવું વધ્યું કે જોતજોતામાં આકાશ મેઘ મંડળથી છાઈ ગયું. એકદમ વૃષ્ટિ થઈ. વૃષ્ટિ પણ એવી થઈ કે જળવૃષ્ટિની ધારાથી જળ અને સ્થળનું એકપણું થઈ ગયું. તેના યોગે લોકોના પાપોની સાથે દુર્ભિક્ષ નાશ પામ્યું.

સુકાળ થવાથી પ્રજા આનંદમાં આવી ગઈ. કેટલાક લોકો હાંસી કરવા લાગ્યા, "અહો જ્ઞાની નૈમિત્તક! અહો જ્ઞાની!"

એક દિવસ ચાર જ્ઞાનના ધરનારા "શ્રી યુગન્ધર નામના ગુરુદેવ પધાર્યા. સમાચાર મળતાં જ રાજા અને પ્રજા ગુરુવંદન માટે ગયા. વંદન કરી, લોકોએ વિનય પૂર્વક પૃછ્યું,"

"નૈમિત્તિકોક્તં કથં વિઘટિતં ।

હે ભગવન્ ! નૈમિત્તિકનું કહેલું કેમ પલટાઇ ગયું ? ત્યારે ગુરુદેવે ફરમાવ્યું, "ગ્રહાચારના યોગે કરીને થવાવાળું પણ બાર વર્ષ સુધીનું દુર્ભિક્ષ, કોઇક પુણ્યવાનના મોટા પુણ્યોદયે ફેંકી દીધું છે. તે પુણ્યશાલીનું સ્વરૂપ આ પ્રમાણે છે :— જેમકે

### શ્રી ધર્મનૃપનો પૂર્વભવ :—

પુરિમતલપુર નામનું નગર. તેમાં વસે પ્રવરદેવ નામનો માણસ તેનું સર્વકુલ નષ્ટ થઇ ગયેલું. સદાય **અવિરતિપણાના** પ્રતાપે સર્વભક્ષી બની ગયેલ. એજ કારણે અજીર્ણનો ભોગ બન્યો. પરિણામે કોઢીઓ બન્યો. પાપના ઉદયે-શું શું બને છે તે જોયું.

કોઢિયો બન્યો એટલે લોકોદ્વારા ધિક્કાર પામવા લાગ્યો. પાપના ઉદયથી ચારે બાજુથી આપત્તિ આવે છે તેમાં કશું આશ્ચર્ય નથી.

પણ પુણ્યના પ્રતાપે મુનિઓનું દર્શન થયું. તેણે મુનિઓ પ્રત્યે પ્રશ્ન કર્યો :

કથં મે કુષ્ઠરોગઃ ? કથં ચોપશામ્યત્યેષઃ ?

મને આ કુષ્ઠ રોગ કેમ થયો ? આ રોગ કેવી રીતે શમે ?

મુનિવરોએ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવ્યું, "હે ભદ્ર ! ખરેખર અવિરતિનો સ્વામી આત્મા, અસંતોષથી જ્યાં ત્યાં, જે તે અને જ્યારે ત્યારે ખાય છે-તે કારણથી અજીર્ણનું પ્રાબલ્ય થાય છે. તેથી કુષ્ઠાદિ રોગોની ઉત્પત્તિ થાય છે, માટે જો તું વિરતિધર થઇને ચારે પ્રકારના આહારનું, પરિમાણથી ભોજન કરે તો રોગનો ક્ષય પણ થાય અને કલ્યાણ પણ થાય.

### કેવું વિરતિરૂપ નિરવદ્ય ઔષધ !

પરમતારક મુનિવરો પાસેથી રોગનું નિદાન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને ઔષધ ઉભયને જાણી પ્રવરદેવે તેનો સ્વિકાર કર્યો અને આરોગ્ય પણ મેળવ્યું,

પ્રવરદેવે માત્ર એક અન્ન, એક શાક, એક વિગઈ અને પ્રાસુક પાણી – આટલી જ વસ્તુ ખુલ્લી રાખીને પરિમિત ભોજી થયો, ક્રમે કરીને નિરોગી બન્યો. તેની અવિરતિ ભાગી અને તેના આત્મામાં અપૂર્વ સંતોષ થયો. તે સંતોષના યોગે તેણે મુનિવરો પાસેથી ઔષધરૂપ અભિગ્રહનો સ્વીકાર કર્યો. અને પોતાના આત્મા ઉપર ખૂબજ અંકુશ મૂકયો.

ધર્મના માહાત્મ્યના જાણનાર હવે નિષ્પાપ વૃત્તિથી વ્યવહાર કરતો. ક્રમે કરી એક ક્રોડ પ્રમાણ ધનને પામ્યો. ધન સંપન્ન દશા પામવા છતાં, ભોગ ઉપભોગથી તે પરાઙમુખ રહેતો. નિયમિત આહારનો ભોગ, ઉત્તમ પ્રકારના પાત્રો તથા દાન આદિ લોકોને દાન દેવામાં તત્પર રહેતો. કોઇ એક સમયે દુષ્કાળ પડયો. એવા દુર્ભિક્ષ સમયે તે પુણ્યાત્માએ **એક લાખ** મહર્ષિઓને પ્રાસુક **ઘી** આદિથી પ્રતિલાભ્યા ગુપ્ત દાન આદિ દ્વારા **લાખો** સાધર્મિક બંધુઓને **ઉદ્ધર્યા.**

ખરેખર આ દશા પુણ્યાત્માઓનેજ સુપ્રાપ્ય હોઈ શકે છે, નહિ કે પાપાત્માઓને. ખરેખર આવી દશા પામવા માટે સૌએ મથવા જેવું છે.

આ પ્રમાણે જિંદગી સુધી અખંડિત વ્રતવાળા તે પ્રવરદેવ મરીને સૌધર્મ નામના પ્રથમ દેવ લોકમાં શક્રના સામાનિક સુર થયા.

ઉત્તમ પ્રકારે આધારેલું શ્રાવક જીવન દેવ-ભવમાં પણ ન ભૂલાયું ચ્યવન વખતે શ્રી પ્રવર-દેવ ભાવના ભાવી. "સમ્યકજ્ઞાન અને સમ્યક દર્શનથી સહિત એવો હું શ્રાવક કુલમાં દાસ તરીકે ઉત્પન્ન થાઊં તો સારું. પણ મિથ્યાત્વથી મોહિત મતિવાળો થયો થકો મોટો ચક્રવર્તિ રાજા થાઉં તે પણ સારું નહિ."

ઇત્યાદિ ઉત્તમ ભાવનાઓને વિશેષ પ્રકારે ભાવતો થકો, ત્યાંથી ચ્યવેલો તે આજ નગરમાં વસતા **'શુદ્ધબોધ'** નામના શેઠની **વ્યોમલા** નામની પત્નીને વિષે પુત્ર તરીકે થયો. તેના પુણ્યોદયે કરીને 'ગ્રહચાર' આદિના યોગો ઉત્પન્ન થયેલું દુર્ભિક્ષ સંપૂર્ણ રીતે નાશ પામી ગયું છે.

સમ્યગ્દૃષ્ટિ દેવો પણ ધર્મ વિશિષ્ટ મનુષ્ય-ભવને માટે કેટલા તલસે છે– તે આ પરથી સમજી શકાય છે. સાચો ધર્મનો આરાધક સ્વયં સુખી થાય છે અને અન્યને સુખી કરે છે–અન્યના અનિષ્ટને પણ હરે છે.

આ વાત રાજા કમલસેને, ચાર જ્ઞાનને ધરનારા ગુરુના વચનથી જાણી, વિસ્મય પામ્યો. તરતજ યોગ્ય પરિવરેલો રાજા, શ્રેષ્ઠીવરને ઘેર ગયો. ત્યાં સર્વ લક્ષણોથી શોભતા બાળકને જોઈ ને, એકદમ રાજાએ પોતાના ખોળામાં લીધો અને કહ્યું,

ભો ! પુણ્યશાલિન્ ! જગદાધાર ! દુર્ભિક્ષ ભંજક ! નમો ભવતે, ત્વમેવાત્ર તાત્વિકો રાજા, અહમ્ તલારક્ષ સ્તવાસ્મિ ।

હે પુણ્યશાલી ! હે જગતના આધાર અને દુર્ભિક્ષના ભંજક ! તને નમસ્કાર હો. હું તો તારો તલારક્ષ છું. તુંજ સાચો રાજા છો.

આ પ્રમાણે સ્તવીને કમલસેને બાળકને ધર્મનૃપ ઈતિ નામ તસ્ય દત્તવાન્ **ધર્મનૃપ** નામ આપ્યું.

ગુણીના ગુણશ્રવણથી ગુણગ્રાહી આત્માઓ કેવા બની જાય છે– તે વિચારવા યોગ્ય છે.

ગુણ સંપન્ન બનવું જેમ કઠિન છે તેમ ગુણાનુરાગી બનવું પણ કઠીન જ છે.

પરમ પુણ્યશાલી ધર્મનૃપ યૌવનવયમાં અનેક રાજકન્યાઓને પરણ્યા. પ્રજામાં આનંદ આનંદ પ્રવર્ત્યો. સદાય તે રાજ્યમાં પ્રમોદનું જ સામ્રાજ્ય છવાયું.

સમ્યકત્વ મૂલ બાર વ્રતોના આરાધક તે શ્રી ધર્મનૃપ ભક્ત ભોગી બન્યા બાદ ક્રમપૂર્વક દીક્ષાને અંગીકાર કરીને, તે ભવમાં જ કેવળજ્ઞાનને પ્રાપ્ત પ્રાપ્ત કર્યું અને મુક્તિપદને પામ્યા.

'જિનવાણી'ના સૌજન્યથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચિતળિયો યાને ટપકાવાળો પટ્ટો

લેખક સર આર્થર કોનન ડોયલ અનુવાદક : પી. આર. સલોત

મનુષ્યનો મહાન શત્રુ ક્રોધ.

ધનની લાલસા એટલે ખતરનાક વિનાશ.

**બદલો અહીં ને અહીંજ.**

'૮૩ની સાલની એપ્રીલ માસની સવાર. જાગતાં જ મારી પથારી પાસેજ સંપૂર્ણ પોષાકમાં સજ્જ મારામિત્ર શેર લોક હોમને જોયો.

તેણે કહ્યું, " તને જગાડવા માટે ખૂબ દિલગીર શ્રીમતી હડસનને જગાડવામાં આવેલ. તેણે મારા પર બદલો વાળ્યો અને મેં તારા પર,"

પણ છે શું ? આગ ?

અરે, ના. એ તો અસીલ. ખૂબ ગભરાયેલ સ્થિતિમાં આવેલ એક યુવતીએ મને મળવાનો આગ્રહ રાખ્યો. તે અત્યારે દિવાનખાનામાં બેઠી છે. જ્યારે યુવાન સ્ત્રીઓ રાજનગરની શેરીઓ વટાવી ઉંઘતા લોકોને જગાડે ત્યારે હું માનું છું કે તેમને કંઈક અગત્યનું કહેવાનું હોય.

જો તે રસપ્રદ ઘટના હોય તો તારે શરૂઆતથી જ તે જાણવી જરૂરી છે. તેથી જ તક આપવા મેં તને અત્યારે જગાડયો.

" વ્હાલા મિત્ર, કોઈ પણ ભોગે તે તક જતી કરવા ઇચ્છતો નથી."

અમે ઓરડામાં પ્રવેશ્યા કે તરતજ કાળા પોષાકધારી અને બુરખાવાળી જે તરુણી બારી પાસે બેઠી હતી તે ઉભી થઈ.

આનંદપૂર્વક હોમ્સે કહ્યું, " શુભ સવાર. મારૂં નામ શેરલોક હોમ. આ મારા નજિકના સાથીદાર ડો. વોટસન. હું જોઈ શકું છું કે આપ ધ્રુજી રહ્યાં છો. તેથી સગડી નજીક બેસો. હમણાં જ કોફી મંગાવું છું." સ્થાન બદલતાં, મંદ સ્વરે યુવતીએ કહ્યું " ઠંડી મને ધ્રુજાવતી નથી. "

ત્યારે ?

" એ છે ભય અને ત્રાસ. " એમ કહી તેણે બુરખો હઠાવ્યો ખરેખર ભયની કરુણાજનક છાપ ચ્હેરા પર પ્રસરી ગઇ હતી. આરામ વિહિન ભયગ્રસ્ત આંખો વાળું મુખ લેવાઈ ગયું હતું જાણે શિકાર બનેલું પ્રાણી ! આકૃતિ અને ચ્હેરાની મુદ્રા ત્રીશ આસપાસ વય બતાવતી હતી. જ્યારે વાળ સફેદ બનવાની તૈયારી સૂચવતા હતા. ચ્હેરા પર થકાવટ અને ચિંતાનો ભાર તોળાઈ રહ્યો હતો, શેરલોક હોમ્સની દૃષ્ટિ શરીર પર નખશીખ સુધી ફરી વળી. મીઠાશ પૂર્વક અને આશ્વાશન સાથે કહ્યું, " ડર રાખવાની જરૂર નથી, પરિસ્થિતિને સંભાળી લેશું. આપ રેલગાડી દ્વારા આવ્યા છોને ?

" આપ મને ઓળખો છો. ? "

" ના, પણ આપના હાથમાં રીર્ટન ટિકીટનો અર્ધોભાગ દેખાય છે. આપ વહેલાજ નીકળ્યા હશો. શ્વાન–ગાડીમાં ખરી મુસાફરી બેડી લાગે છે. પછી ગાડીમાં મુસાફરી કરી. "

હેલન પ્રથમ ચમકી અને તેના તરફ દિગ્મૂઢ બની જોઈ રહી.

હસતાં હસતાં તેણે કહ્યું. " બેન તેમાં કશું રહસ્ય નથી. તમારા ડાબા હાથની બાંય ઉપર કાદવના સાત ડાઘા છે. તે પણ તાજા જ છે. શ્વાન ગાડીની મુસાફરી વગર આમ બનવું શકય નથી અને તે પણ તમે હાંકનારની ડાબી બાજુએ બેસો તોજ.

હેલને કહ્યું. " સાચું. હવે મારાથી આ બોજો–ચિતાંનો વહી શકાય તેમ નથી. જો પરિસ્થિતિ ચાલુ રહેશે તો હું ગાંડી બની જઈશ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારે કોઇ સંબંધી નથી. જેની પાસે ઘા નાખું કે મદદ માગું. એક છે પણ તે કશું કરી શકે તેમ નથી. શ્રીમતી ફારીન્ટોશ પાસેથી આપ વિષે સાંભળ્યું. સરનામું પણ તેની પાસેથી મેળવ્યું. આપે તેને જેમ સહાય કરી તેમ મને સહાયરૂપ બનો. અત્યારે આપની મદદનું વળતર હું આપી શકું તેમ નથી પણ લગ્ન બાદ ધનનું માલિકપણું મળતાંજ હું વળતર ચૂકવી આપીશ,

હોલ્મ મેજ તરફ ફર્યા; ખાનું ખોલ્યું. નાની કેસ-બુક કાઢી અને નળવી લીધું. “આ બાબત ડૉ. વોટસન અહીં આવ્યા તે પહેલાંની છે. જરૂર આપને મદદ મળશે. મારો વ્યવસાય એજ મારૂં વળતર. પણ તલાશ વખતે જે ખર્ચ થાય તે આપની સગવડતાએ આપવા આપ સ્વતંત્ર છો. હવે આપ ખુલ્લે દીલે, જરા પણ ભય કે ક્ષોભ વગર આપની વાત જણાવો.”

હેલને કહ્યું, “અફસોસ! કમનશીબી તો એ છે કે મારો ભય અસ્પષ્ટ છે. મારી પરિસ્થિતિ નાના શા મુદ્દાઓ પર જ આધારિત છે – જે કદાચ આપને તુચ્છ લાગે. જે કોઈ જાણે તે એમજ કહે છે કે ભીરૂ થયેલ સ્ત્રીની ખાલી ભ્રમણા જ છે. પણ આપ માનવીની અનેક અને વિવિધ દુષ્ટતામાં ઉંડા ઉતરેલ છે, ત્રાસ ને ભયથી ઘેરાયેલી એવી મારે કઈ રીતે માર્ગ કાઢવો–તેની આપ મને સલાહ આપો.”

“બેન! હું ધ્યાનપૂર્વક સાંભળું છું, કહો.”

“મારૂં નામ હેલન સ્ટોનર” મારા ઓરમાન પિતા સાથે રહું છું. સેકસન કુટુંબના છેલ્લા વારસદારમાંના એક. સ્ટોક મોરન કુટુંબનો ડૉ. રોયલોટ. “નામ મને પરિચિત છે.”

ઇંગ્લેન્ડમાં તે એક વખતનું સમૃદ્ધ કુટુંબ. મિલ્કત પણ ખૂબ વિશાળ. છેલ્લી સદીમાં ચાર પેઢીઓના દરેક વારસદાર ચારિત્ર્યહીન અને ઉડાઉ નિવડયા. છેલ્લાએ જુગારની લતમાં ફસાઈ કુટુંબનો સર્વ વિનાશ નોતર્યો. હવે રહી છે થોડા એકર જમીન અને બસો વર્ષ જુનું મકાન. મારા પિતાના પિતાએ ગરીબ સ્થિતિમાં જમીનદારને અનુરૂપ વિલાસ મ્હાણી જીવન ઘસી નાખ્યું. મારા પિતા તેમના એકના એક પુત્રે પરિસ્થિતિને અનુકુળ બનવા વિચાર્યું. સંબંધી પાસેથી એડવાન્સ રકમ મેળવી દાકતર બન્યા. કલકત્તા પહોંચ્યા. હોશિયારી ચારિત્ર્યના બળે નામના જમાવી. પણ ક્રોધ તેમનો મહાન રિપુ બન્યો. એક વખત ક્રોધના આવેશમાં ચોરી કે લૂંટના પ્રશ્ને એક દેશી માણસને ઢોર માર માર્યો. તે મૃત્યુ પામ્યો. મહા મહેનતે મોતની સજામાંથી બચી ગયા.

પણ લાંબો સમય જેલયાત્રા ભોગવવી પડી. જેલ મુક્તિબાદ ઇંગ્લેન્ડ આવ્યા–ખૂબ હતાશ અને નંખાઇ ગયેલ સ્થિતિમાં જ્યારે તે ભારતમાં હતા ત્યારે મેજર જનરલ સ્ટોનરની વિધવા સાથે લગ્ન કર્યા. તે જ મારી માતા. હું અને મારી બેન જુલિયા સાથે જ જન્મેલ. તે વખતે મારી ઊંમર ફકત બે વર્ષ, મારી માતા પાસે પુષ્કળ મિલ્કત. એક વર્ષમાં ૧૦૦૦ પાઉન્ડની આવક. મારી માતાએ તે બધી ડૉ. રોયલોટને સોંપી. શરત એટલીજ કે દરેક દીકરીને લગ્ન વખતે ૧/૩ મિલ્કત આપવાની. ઇંગ્લેન્ડ આવ્યા બાદ મારી માતા મૃત્યુ પામી. રેલ્વે અકસ્માત જીવલેણ નિવડયો. હવે મારા ઓરમાન પિતાએ પ્રેકટીસ કરવાનું માંડી વાળ્યું; અને બાપદાદાના જૂના ખંડેર મકાનમાં રહેવા આવ્યા, માતાની મુડી અમારી બધીજ જરૂરિયાતને પહોંચી વળતી. અમારા સુખમાં કશોજ અવરોધ ન હતો.

અહીં મારા પિતાના જીવને કરવટ બદલી. સુખ, ચેન અને આળસુ ચિંતારહિત જીવને તેને વધુ એકાંતમાં ઘસડયા. તેણે પડોશીઓ સાથેનો સુમેળ બગાડયો, કોઇ સાથે વાતચીત નહિ. જો કોઈ તેના માર્ગમાં આવે તેની સાથે ભારે કજિયો કરે. વારસાગત ક્રોધની સીમા ન રહે, એ કજિયામાં કોર્ટ થઈ. છેવટે તે ગામને ત્રાસરૂપ બન્યા. તેનું નામ સાંભળતાજ લોકો નાસે. તેનામાં અતૂલ બળ છે અને નિરંકુશ અને અમાપ ક્રોધ વસે છે.

( ક્રમશઃ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## —: અમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમપૂજ્ય વિદ્વાન
મુનિરાજશ્રી જંબુવિજયજી મહારાજના
વરદહસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# દ્વાદસારં નયચક્રમ્ પ્રથમ અને દ્વિત્તીય ભાગ

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્દભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવા જોઈએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ જણાવે છે કે—

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા ગૌરવની વાત છે. જે વિદ્વાન મુનિ મહારાજો, સાધ્વીજી મહારાજો, તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ 'દ્વાદશારં નયચક્રમ્'ને શ્રેષ્ઠ સ્થાને મૂકી શકાય તેમ છે. માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે. (કિંમત રૂા. ૪૦-૦૦ પોસ્ટ ખર્ચ અલગ)

---

## બહાર પડી ચુકેલ છે જિનદત્તકથાનકમ્ (અમારૂં નવું પ્રકાશન)

પ્રસ્તુત જિનદત્તકથાનક સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી એવો કથાગ્રંથ છે.

સ્વ. પૂજ્યપાદ આગમપ્રભાકર શ્રુત-શિલવારિધિ શ્રી પુણ્યવિજયજી મહારાજની ઇચ્છાનુસાર આ ગ્રંથ પ્રકાશન કરવામાં સફળ થતા ખુબ આનંદ અને સંતોષ અનુભવાય છે.

અમારી વિનંતિને ધ્યાનમાં લઈને પરમપૂજ્ય સાધ્વીજી મહારાજશ્રી ઓંકારશ્રીજી મહારાજે આ ગ્રંથનું સંપાદન-સંશોધનનું કાર્ય કરી આપવાની કૃપા કરી છે.

આ કથાનકનો ગુજરાતી ભાષામાં પણ સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે. આ ગ્રંથ દરેક લાયબ્રેરીમાં વસાવવા યોગ્ય છે. (કિંમત રૂા. ૮-૦૦)

લખો— **શ્રી જૈન આત્માનંદ સભા : ખારગેટ, ભાવનગર.**


તંત્રી : શ્રી પોપટભાઇ રવજીભાઇ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ. આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only